# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-01-2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **રમત ગમતમાં દેશ એકથી પાંચમાં ક્રમે રહે તે માટે પ્રયાસો આદરવા રમતવીરોને કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાનું આહ્વાન.**
2. **શિક્ષણ થકી દરેક કામ સરળતાથી પૂર્ણ થઈ શકે તેવો મત વ્યક્ત કરતા મુખ્યમંત્રી.**
3. **રાજ્ય સરકારે ખેડૂતોને પી.એમ. કુસુમ યોજના અંતર્ગત સોલાર પંપની ખરીદી માટે 218 કરોડ રૂપિયાથી વધુની સબસિડી ચૂકવી.**
4. **હવામાન વિભાગ અનુસાર આગામી પાંચ દિવસ રાજ્યના હવામાનમાં કોઈ મોટા ફેરફારની શક્યતા નહિવત.**
5. **ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે આજે રાજકોટમાં રમાનારી ત્રીજી ટી-20 મેચને લઈને પોલીસનો સઘન બંદોબસ્ત.**

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# MANSUKH MANDVIYA RRU

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું કે, સ્પોર્ટ્સ સેક્ટરમાં ભારત એકથી પાંચમા ક્રમમાં આવે તે ધ્યેય સાથે આગળ વધી રહ્યા છે. ગાંધીનગરમાં રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ખાતે દેશની પ્રથમ આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક રિસર્ચ કોન્ફરન્સના ઉદ્ઘાટન પ્રસંગે શ્રી માંડવિયાએ કહ્યું કે, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી દેશની સુરક્ષા અને સ્પોર્ટસ રિસર્ચ માટે મહત્વપૂર્ણ કામગીરી કરી રહી છે, શ્રી માંડવિયા નડિયાદમાં મગનભાઇ એડનવાલા મહાગુજરાત વિશ્વવિદ્યાલયના દીક્ષાંત સમારોહમાં પણ ઉપસ્થિત રહ્યા હતા.

## બાઇટ : મનસુખ માંડવિયા, કેન્દ્રીય મંત્રી

# CM VADIL VANDNA

અમદાવાદમાં ગુરુ બ્રાહ્મણ સમાજ દ્વારા આયોજિત વડીલ વંદના કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યુ હતું કે, આજે ગુરુબ્રાહ્મણ સમાજના આગેવાનો દ્વારા દરેક સમાજ માટે ઉદાહરણ રૂપ બને એવા કાર્યક્રમનું આયોજન કર્યું છે.

આ પ્રસંગે સમાજને શિક્ષિત કરવાના મુદ્દા પર ભાર મુકતા મુખ્યમંત્રીએ કહ્યું કે, આજે શિક્ષણ એક એવી વ્યવસ્થા છે જેના થકી દરેક કામ સહેલાઈથી પૂર્ણ થઈ શકે છે. આજે દરેક સમાજ શિક્ષણ થકી આગળ આવી રહ્યો છે. ગુરુ બ્રાહ્મણ સમાજ એ પણ શિક્ષણ માટે નવા આયોજનો કરવા જોઈએ અને આ આયોજનમાં સરકારની જે પણ મદદની જરૂર પડશે તે સરકાર પૂર્ણ કરશે.

# PM KUSUM YOJNA

રાજ્ય સરકારે ખેડૂતોને પી.એમ. કુસુમ યોજના અંતર્ગત સોલાર પંપની ખરીદી માટે ₹ 218 કરોડથી વધુની સબસિડી આપી છે.

જેના પરિણામે રાજ્યમાં ડિસેમ્બર 2024 સુધીમાં, 7 હજાર 700થી વધુ ખેડૂતોએ ઓફગ્રીડ સોલાર પંપ લગાવ્યા છે. આ યોજના અંતર્ગત રાજ્ય સરકાર ખેડૂતોને અંદાજિત 70 ટકા સુધીની રકમની સહાય આપે છે. આ પંપ લગાવ્યા બાદ દિવસ દરમિયાન આઠથી દસ કલાક સુધી , વીજળીના સપ્લાયની જરૂર રહેતી નથી. તેમજ પાંચ વર્ષ સુધી નિભાવ ખર્ચ પણ નથી. સાથે આ પંપ સૂર્ય ઊર્જાથી ચાલતો હોવાથી પ્રદૂષણમુક્ત પણ છે .

આ યોજના અંતર્ગત નર્મદા જિલ્લામાં સૌથી વધારે 5100થી વધુ સોલાર પંપ લગાવવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે,ખેતરોમાં સિંચાઈ માટે પાણી અને વીજળી નિયમિત મળે અને સૂર્ય ઊર્જાનો ઉપયોગ થાય તે માટે વર્ષ 2019માં કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા અને ઉત્થાન મહાઅભિયાન (પી.એમ. કુસુમ) યોજના શરૂ કરવામાં આવી હતી.

# AMTS budget

અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસનું , આગામી નાણાંકીય વર્ષ 2025-26નું 705 કરોડનું બજેટ ચેરમેન ધરમસિંહ દેસાઈ દ્વારા રજુ કરવામાં આવ્યું છે. ટ્રાન્સપોર્ટ મેનેજર દ્વારા મૂકવામાં આવેલા બજેટમાં કમિટીએ 23 કરોડ રૂપિયાનો વધારો કર્યો છે. ધોરણ 10 પછી સ્કૂલમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને ટિકિટ

દરમાં 85 ટકા અને અને વિધવા બહેનોને 50 ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. ધોરણ 10 પછી અભ્યાસ કરતા માતા-પિતા વગરના બાળકો માટે ફ્રી પાસ સેવા શરૂ કરવામાં આવશે. સરસપુર-મેઘાણીનગરમાં નવું ટર્મિનસ બનવવામાં આવશે.

ઉપરાંત , જાહેર પરિવહનની સેવાનો ઉપયોગ વધે તે માટે, કુલ 445 જેટલી નવી બસોનો ઉમેરો કરવામાં આવશે.

# WEATHER

રાજ્યમાં આગામી પાંચ દિવસ હવામાનમાં કોઈ મોટા ફેરફારની શક્યતા નહિવત છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજ્યમાં ઉત્તર પૂર્વ અને પૂર્વ દિશા તરફથી પવનો આવી રહ્યા છે જેને કારણે તાપમાનમાં વધારો ઘટાડો થઈ રહ્યો છે. હજુ પણ આગામી પાંચ દિવસ આ જ સ્થિતિ યથાવત રહેશે.

## બાઈટ : એ.કે. દાસ, હવામાન વિભાગના નિયામક

# Rajkot T-20 match

સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપ હેઠળની ભારતની ટીમ આજે રાજકોટમાં ઈંગ્લેન્ડ સામે ત્રીજી T20 મેચ રમશે. રવિવારે ટીમનું રાજકોટ ખાતે ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

શનિવારે ચેન્નાઈમાં બીજી મેચ બે વિકેટથી જીતીને ભારત પાંચ મેચની ટી20 શ્રેણીમાં 2-0થી આગળ છે. બંને ટીમોએ ગઇકાલે સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમમાં પ્રેક્ટિસ કરી હતી.

ભારતે ઇજાગ્રસ્ત નીતિશ કુમાર રેડ્ડી અને રિંકુ સિંહના સ્થાને શિવમ દુબે અને રમણદીપ સિંહનો સમાવેશ કર્યો છે.

આજે રાજકોટમાં રમાનારી મેચને લઈને પોલીસ ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

## બાઇટ : અશોકકુમાર યાદવ, રેન્જ આઇ.જી.

# 86TH UTT SENIOR NATIONAL TT CHAMPIONSHIP

રાજ્યના માનુષ શાહ અને દિયા ચિતાલેએ અલ્ટિમેટ ટેબલ ટેનિસની ૮૬મી સિનિયર નેશનલ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં પોતાનો પ્રથમ રાષ્ટ્રીય ખિતાબ જીત્યો છે. પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઇન્ડોર સ્ટેડિયમ ખાતે રમાયેલી સ્પર્ધામાં બંને ખેલાડીએ અલગ-અલગ પુરુષ અને મહિલાઓની શ્રેણીમાં ચેમ્પિયન તરીકે વિજય મેળવ્યો હતો. તેઓને ટ્રોફી અને ૩.૨ લાખના રોકડ ઇનામ આપવામાં આવ્યા હતા.

## બાઈટ - દિયા ચિતાલે, ખેલાડી

# MAHISAGAR JAHERNAMU

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને મહીસાગર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે જાહેરનામું બહાર પાડ્યું છે. જે અનુસાર ચૂંટણી હેઠળના વિસ્તારની સરકારી, અર્ધસરકારી, સહકારી, આરામગૃહો તથા જાહેર સ્થળોનો રાજકીય પક્ષોના હોદ્દેદારો, કાર્યકરો, ચૂંટણી લડત ઉમેદવારો કે એજન્ટોએ રાજકીય હેતુસર અથવા ચૂંટણી પ્રચાર હેતુ ઉપયોગ કરવા પર પ્રતિબંધ ફરમાવાયો છે.

આ ઉપરાંત ઉમેદવારી પત્રો રજૂ કરતી વખતે ચૂંટણી અધિકારી કે મદદનીશ ચૂંટણી અધિકારીની ચેમ્બરમાં ઉમેદવાર, દરખાસ્ત કરનાર તથા અન્ય વ્યક્તિ સહિત કુલ પાંચ લોકો જ પ્રવેશી શકશે.

# BHAVNAGAR NAGRIK SANMAN

ભાવનગરની શિશુવિહાર સંસ્થામાં કથાકાર મોરારિબાપુનાં અધ્યક્ષસ્થાને નાગરિક સન્માન કાર્યક્રમ યોજાઈ ગયો. શ્રી માનભાઈ ભટ્ટ સ્મારક નાગરિક સન્માન અર્પણ કરતાં મોરારિબાપુએ કહ્યું કે, સહાનુભૂતિ પછી પરોપકાર થાય તે સમાનાભૂતિ અનિવાર્ય છે. આ કાર્યક્રમમાં સેવાભાવી તબીબો નટુભાઈ રાજપરા તથા છોટાલાલ વર્મા, રચનાત્મક કાર્યકર્તાઓ અનુપમભાઈ દોશી તથા જિજ્ઞાબેન દવે અને અધિકારી રહેલાં મધુકાંતભાઈ ભાલાળા સન્માનિત થયાં.

# RAJKOT COLLECTOR BETHAK

રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને જિલ્લા આરોગ્ય સંકલન સમિતિ તેમજ આરોગ્ય સોસાયટી ગવર્નિંગ બોડીની બેઠક યોજાઈ. આ બેઠકમાં કલેકટરે ટી.બી. મુક્ત ભારત અભિયાન અંતર્ગત થયેલ કામગીરીની સમીક્ષા કરી. આ ઉપરાંત ઉમદા કામગીરી કરનાર આરોગ્ય વિભાગના 25 ડોક્ટર્સ, અધિક્ષકોને પ્રમાણપત્ર એનાયત કર્યા. ઉપરાંત જિલ્લામાં આરોગ્ય કેન્દ્રના બાંધકામ માટેના જમીનના પ્રશ્નોના નિવારણ તેમજ દવાઓ, વાહન સહિતની બાબતે સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

આ બેઠકમાં ઇન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારીએ ઋતુજન્ય રોગો અંગે થયેલ કામગીરીની માહિતી મેળવી જરૂરી માર્ગદર્શન આપ્યુ હતુ.